==========

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

સિકંદરાબાદ કેન્ટોનમેન્ટ બોર્ડ, આંધ્ર સર્કલ, –સિકંદરાબાદ, એક્ઝિક્યુટિવ ઓફિસર મારફતે પ્રતિનિધિત્વ

વિરુદ્ધ

મોહમ્મદ મોહિઉદ્દીન અને અન્ય

૨૮ નવેમ્બર, ૨૦૦૩

[બ્રિજેશ કુમાર અને અરુણ કુમાર, ન્યાયમૂર્તિઓ]

કેન્ટોનમેન્ટ્સ એક્ટ, ૧૯૨૪ – કલમો ૧૮૧(૩) અને ૧૮૧(૪)(બી) – નો વ્યાપ – ઠરાવવામાં આવ્યું કે, કલમ ૧૮૧(૩) હેઠળ કોઈપણ નકશાને મંજૂરી આપતાં પહેલાં બોર્ડ માટે પ્રશ્નવાળી સંબંધિત જમીન પર બાંધકામ કરવા અથવા પુનઃબાંધકામ કરવા સામે સરકાર પક્ષે કોઈ વાંધો છે કે કેમ તે સુનિશ્ચિત કરવા સારુ નકશાની મંજૂરી માટેની અરજી ડિફેન્સ એસ્ટેટ ઓફિસરને સંદર્ભિત કરવી આવશ્યક છે – કલમ ૧૮૧(૪)(બી) હેઠળ, આ બાબતનો નિકાલ કરતી

સક્ષમ સત્તાધિકારીએ એ જોવાનું રહે છે કે નકશાની મંજૂરી માટે અરજી કરનાર વ્યક્તિ અને સરકાર વચ્ચે જમીન અંગે કોઈ વિવાદ અસ્તિત્વમાં છે કે નહીં.

કલમો ૧૮૧(૩) અને ૧૮૧(૪)(બી) – નકશાની મંજૂરી માટે કેન્ટોનમેન્ટ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવેલી અરજી – અર્બન લેન્ડ સીલિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ મુક્તિ પ્રમાણપત્ર રજૂ કરવાની આવશ્યકતા પરિપૂર્ણ ન કરવાના આધારે પરત કરવામાં આવી – અગાઉ આ અરજી પરત કરતાં પહેલાં ડિફેન્સ એસ્ટેટ ઓફિસરને કોઈ સંદર્ભ મોકલવામાં આવ્યો હતો તેવું દર્શાવવા માટે રેકોર્ડ પર કશુંય નથી – ઠરાવવામાં આવ્યું કે, જમીન પર સરકારના દાવા અથવા તે અંગેના વિવાદ બાબતે વાંધો ઉઠાવવાની પોતાની વૈધાનિક જવાબદારીમાંથી ડિફેન્સ એસ્ટેટ ઓફિસર ન તો વંચિત થઈ જાય કે ન તો સક્ષમ સત્તાધિકારી આ બાબત ડિફેન્સ એસ્ટેટ ઓફિસરને સંદર્ભિત કરવાની પોતાની વૈધાનિક કાનૂની ફરજમાંથી મુક્ત થયા હતા – આવા સંજોગોમાં અરજદારોને અન્વયી પ્રાડ્–ન્યાયના સિદ્ધાંતો ઉપલબ્ધ બનતા નથી – અન્વયી પ્રાડ્–ન્યાય – દીવાની કાર્યરીતિ સંહિતા – કલમ ૧૧.

કેન્ટોનમેન્ટ લેન્ડ એડમિનિસ્ટ્રેશન રૂલ્સ, ૧૯૩૭ – નિયમો ૩ અને ૧૦ – જનરલ લેન્ડ રજિસ્ટરની જાળવણી – બોર્ડને સોંપવામાં આવી હોય અથવા બોર્ડમાં નિહિત થયેલી હોય તેવી તમામ જમીનના સંબંધમાં ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસરે જનરલ લેન્ડ રજિસ્ટર જાળવવું આવશ્યક છે.

દીવાની કાર્યરીતિ સંહિતા – કલમ ૭૯ અને ઓર્ડર ૨૭ નિયમ ૩ –

સરકાર દ્વારા અથવા સરકાર સામેનો દાવો – શું ભારત સંઘને એક પક્ષકાર તરીકે જોડવાનો રહે છે અને સત્તામંડળ કે કોઈ અધિકારીને પક્ષકાર તરીકે જોડવાના રહેતા નથી – કેન્ટોનમેન્ટ બોર્ડ તેના નિર્દિષ્ટ અધિકારીઓ પૈકીના એક મારફતે નકશાની મંજૂરી માટેની અરજી પર વિચારણા કરે છે – તેને પોતાના હુકમોનો કાયદેસર બચાવ કરવાનો સંપૂર્ણ અધિકાર રહેશે – વૈધાનિક જોગવાઈઓ હેઠળ, અરજદાર અને સરકાર વચ્ચે વિવાદ હોય તેવા કિસ્સામાં નકશો મંજૂર કરવાનો રહેતો નથી – કાયદા હેઠળ પુનઃ આ હકીકત સુનિશ્ચિત કરવા માટે આ બાબત ડિફેન્સ એસ્ટેટ ઓફિસરને સંદર્ભિત કરવાની રહે છે અને જો અરજદાર અને ભારત સરકાર વચ્ચે આવો કોઈ વિવાદ અસ્તિત્વમાં હોય તો વાંધો ઉઠાવવાનું કામ તેમના અધિકારક્ષેત્રમાં આવે છે – તેથી, એમ કહી શકાય નહીં કે આ સત્તાવાળાઓ પાસે આ બાબતનો વિરોધ કરવા માટે કોઈ કારણ ન હોય – ભારત સરકારનું હિત ખૂબ જ ઊંડાણપૂર્વક સંકળાયેલું છે અને જો જમીન પર તેનો દાવો હોય તો તેવા કિસ્સામાં નકશો મંજૂર ન થાય તે જોવામાં તેનું તમામ હિત સમાયેલું રહેશે.

જે જમીન પર સામાવાળાઓ બાંધકામ કરવાનો પ્રસ્તાવ મૂકતા હતા તે જમીન અપીલકર્તા કેન્ટોનમેન્ટ બોર્ડની હદમાં આવતી હતી. સામાવાળાઓના પ્રત્યક્ષ કબજા હેઠળ રહેલી આ જમીનના સંબંધમાં અપીલકર્તા બોર્ડ કર વસૂલ કરી રહ્યું હતું. સામાવાળાઓએ નકશાની મંજૂરી માટે કેન્ટોનમેન્ટ બોર્ડના એક્ઝિક્યુટિવ ઓફિસર સમક્ષ નકશાઓ રજૂ કર્યા હતા, જે એવા વાંધા સાથે પરત કરવામાં આવ્યા હતા કે સામાવાળાઓએ અર્બન લેન્ડ (સીલિંગ એન્ડ

રેગ્યુલેશન) એક્ટ, ૧૯૭૬ ની જોગવાઈઓ હેઠળ મુક્તિ પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી હતું. સામાવાળાઓએ હાઈકોર્ટ સમક્ષ રિટ અરજી દાખલ કરીને લેઆઉટ પ્લાન પરત કરવાના નિર્ણયને પડકાર્યો હતો, જે મંજૂર કરવામાં આવી હતી અને એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કાયદા હેઠળ કોઈ મુક્તિ પ્રમાણપત્રની જરૂર ન હતી. જોકે, પ્રશ્નવાળી જમીન સરકારી આબાદી જમીનમાં આવતી હોવાના આધારે લેઆઉટ પ્લાન ફરીથી પરત કરવામાં આવ્યો હતો. તેથી સામાવાળાઓ દ્વારા બીજી રિટ અરજી દાખલ કરવામાં આવી હતી અને સત્તાવાળાઓને સામાવાળાઓએ પોતાના કબજા અંગેનો પ્રથમદર્શી કેસ સ્થાપિત કર્યો છે કે કેમ તે શોધી કાઢવા તેમજ કેન્દ્ર સરકારના વાંધા પર વિચારણા કરીને તે અંગે યોગ્ય હુકમ પસાર કરવાના નિર્દેશ સાથે તે રિટ અરજી પણ મંજૂર કરવામાં આવી હતી. જમીન ભારત સરકારના કબજામાં હોવાનું જણાયું હોવાથી નકશાની મંજૂરી માટેની અરજી નામંજૂર કરવામાં આવી હતી. જમીનની મંજૂરી માટેની પરવાનગી નકારતા હુકમ સામે સામાવાળાઓએ અપીલ દાખલ કરી હતી. અપીલ પેન્ડિંગ હોવા દરમિયાન, સામાવાળાઓએ તેમની અપીલનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી સત્તાવાળાઓને સામાવાળાઓના કબજામાં દખલગીરી કરતા અટકાવવા માટે બીજી રિટ અરજી દાખલ કરી હતી. સામાવાળાઓ પાસે પ્રશ્નવાળી જમીન પર કોઈ માલિકીહક નથી તેવું ઠરાવીને સામાવાળાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પણ રદ કરવામાં આવી હતી. સામાવાળાઓએ ત્યારબાદ અપીલ રદ કરવાના હુકમને પડકારતી અન્ય એક રિટ અરજી દાખલ કરી હતી. એકલ ન્યાયાધીશે એવી ધારણા બાંધીને રિટ અરજી મંજૂર કરી હતી કે અગાઉની

કાર્યવાહીમાં આ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો ન હોવાથી સત્તાવાળાઓએ સામાવાળાઓના માલિકીહકના પ્રશ્નમાં જવાની કોઈ જરૂર ન હતી. એકલ ન્યાયાધીશે અપીલકર્તા બોર્ડના એ કેસ પર પણ વિચારણા કરી હતી કે આ જમીન જૂની ગ્રાન્ટ હેઠળ આવરી લેવાયેલી હતી અને તેમણે શોધી કાઢ્યું કે નિઝામે લશ્કરી હેતુઓ માટે સંઘને કોઈ જમીન આપી ન હતી. આમ કેન્ટોનમેન્ટ બોર્ડને સામાવાળાઓના લેઆઉટ પ્લાનને મંજૂરી આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. એકલ ન્યાયાધીશના હુકમ સામેની અપીલ પણ રદ કરવામાં આવી હતી. આથી આ અપીલ દાખલ કરવામાં આવી છે.

સામાવાળા તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે અર્બન લેન્ડ સીલિંગ એક્ટ હેઠળ મુક્તિ પ્રમાણપત્ર રજૂ ન કરવાના આધારે એક વખત લેઆઉટ પ્લાન પરત કરવામાં આવ્યો હતો અને તે સમયે માલિકીહકના વિવાદ અંગે કોઈ વાંધો ઉઠાવવામાં આવ્યો ન હતો, તેથી પાછળના તબક્કે આવો વિવાદ ઉઠાવવાનું સત્તાવાળાઓ માટે ખુલ્લું ન હતું, કારણ કે તે અન્વયી પ્રાડ્–ન્યાયના સિદ્ધાંત દ્વારા પ્રતિબંધિત હતો; વિવાદ માત્ર કેન્ટોનમેન્ટ બોર્ડ અને સામાવાળાઓ વચ્ચે જ છે અને ભારત સંઘ તથા સામાવાળાઓ વચ્ચે કોઈ કાનૂની તકરાર કે વાદ નથી; સી.પી.સી. ની કલમ ૭૯ અને સી.પી.સી. ના ઓર્ડર ૨૭ નિયમ ૩ હેઠળ નિર્ધારિત કર્યા મુજબ કેન્ટોનમેન્ટ બોર્ડ અથવા ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસર મારફતે ભારત સંઘનું પ્રતિનિધિત્વ કરી શકાય નહીં.

અપીલોનો નિકાલ કરતાં, કોર્ટે

ઠરાવવામાં આવ્યું : ૧.૧. જ્યાં સુધી પક્ષકારોના માલિકીહકની તપાસ કરવાનો પ્રશ્ન છે ત્યાં સુધી, સક્ષમ સત્તાધિકારી સમક્ષ પક્ષકારો પૈકીના કોઈપણ પક્ષકાર દ્વારા માલિકીહક સાબિત કરવો જરૂરી નથી તે હદ સુધીનો હાઈકોર્ટનો દ્રષ્ટિકોણ સાચો છે. જ્યાં સુધી કબજાનો સંબંધ છે ત્યાં સુધી, એ નિર્દેશિત કરી શકાય કે કબજો સાબિત કરવો જરૂરી બનાવતી આવી કોઈ વિશિષ્ટ કાનૂની જોગવાઈ જણાતી નથી, પરંતુ તે ચોક્કસ કેસની હકીકતો પર નિર્ભર હોઈ શકે છે અને નકશાની મંજૂરી માટેની અરજી પર વિચારણા કરતી વખતે ધ્યાનમાં રાખવાના સુસંગત પાસાઓ પૈકીના એક તરીકે તેની વિચારણા કરી શકાય છે. કેન્ટોનમેન્ટ એક્ટની કલમ ૧૮૧ ની પેટા–કલમ (૪)(બી) ના વાંચન પરથી સ્પષ્ટ થાય છે કે આ બાબત હાથ ધરતી સક્ષમ સત્તાધિકારીએ એ જોવાનું રહે છે કે નકશાની મંજૂરી માટે અરજી કરનાર વ્યક્તિ અને સરકાર વચ્ચે જમીન બાબતે કોઈ વિવાદ અસ્તિત્વમાં છે કે નહીં. જો સંબંધિત સત્તાધિકારીને અધિનિયમની કલમ ૧૮૧ ની શરતો અનુસાર આવા વિવાદના અસ્તિત્વ વિશે સંતોષ થાય, તો લેઆઉટ પ્લાનને મંજૂર કરવા માટેની વિનંતી નકારવાને પાત્ર બને છે. કલમ ૧૮૧ ની પેટા–કલમ (૩) એવી જોગવાઈ કરે છે કે કોઈ નકશાને મંજૂર કરતાં પહેલાં, જમીન પર આવા બાંધકામ કે પુનઃબાંધકામ સામે સરકાર તરફથી કોઈ વાંધો હતો કે કેમ તેની ખાતરી કરવા સારુ બોર્ડે તે અરજી ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસરને સંદર્ભિત કરવી આવશ્યક છે. સદરહુ જોગવાઈ ઉપર નિર્દેશિત કર્યા મુજબ આ બાબત સંદર્ભિત કરવાની મંજૂરી આપનાર સત્તાધિકારી પર વૈધાનિક કાનૂની ફરજ લાદે છે. તદનુસાર, તેણે આ બાબત ડી.ઈ.ઓ. ને સંદર્ભિત કરી

હતી, જેમણે નકશાની મંજૂરી આપવા સામે વાંધાઓ ઉઠાવ્યા હતા. આ વાંધો જમીનની માલિકીના પ્રશ્ન સાથે સંબંધ ધરાવે છે. સરકાર આ જમીનની માલિકીનો દાવો કરે છે અને તે સંબંધમાં મહેસૂલી દફતરો તેમજ જનરલ લેન્ડ રજિસ્ટરમાંની નોંધો પર આધાર રાખવામાં આવ્યો હતો, જે સત્તાવાર કામકાજના નિયમિત ક્રમમાં જાળવવામાં આવે છે. સામાવાળાઓએ વર્ષ ૧૮૯૯ માં સાદિક અલી ખાનના પુત્રની તરફેણમાં કરી આપવામાં આવેલા વેચાણ દસ્તાવેજ, જેમણે પુખ્ત વય પ્રાપ્ત થતાં તારીખ ૧૧.૮.૧૯૧૧ ના રોજ પોતાના પિતા સાદિક અલી ખાનની તરફેણમાં પોતાના હકો જતા કર્યા હતા, અને ત્યારબાદ જમીનના જુદા જુદા ભાગો ૧૧ અલગ-અલગ વ્યક્તિઓને કથિત રીતે તબદીલ કરવામાં આવ્યા હતા તે મારફતે પોતાના માલિકીહકનો દાવો કર્યો હતો. સામાવાળાઓએ પોતાની જાતને પક્ષકાર તરીકે જોડાવ્યા હતા. સાદિક અલી ખાન દ્વારા વર્ષ ૧૯૯૨ માં કાયમી મનાઈહુકમ માટે દીવાની દાવો દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ બાકીની જમીન પર પ્રથમદર્શી રીતે તેમનો કબજો ન જણાતાં, ૨.૭૧ એકર માપ ધરાવતા જમીનના એક ભાગ સિવાય મનાઈહુકમ માટેની અરજ નકારવામાં આવી હતી. એ નોંધવું યોગ્ય રહેશે કે રેકોર્ડમાં સુધારણા માટેની કાર્યવાહી અને મનાઈહુકમ માટેનો દીવાની દાવો વર્ષ ૧૯૯૨ માં શરૂ કરવામાં આવ્યા હતા અને નકશાની મંજૂરી માટેની અરજી વર્ષ ૧૯૯૪ માં કરવામાં આવી હતી, એટલે કે, સામાવાળાઓ અગાઉ બે વખત પોતાની તરફેણમાં હુકમો મેળવવાના તેમના પ્રયાસોમાં અસફળ રહ્યા તે પછી. આવા સંજોગોમાં, પક્ષકારો વચ્ચે જમીન અંગે કોઈ શુદ્ધભાવપૂર્વકનો વાસ્તવિક વિવાદ નથી તેમ કહેવું મુશ્કેલ બનશે. (૪૧૧-

ઈ–એચ; ૪૧૨–એ–એફ)

ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર વિરુદ્ધ સુરેન્દ્ર કુમાર વકીલ અને અન્ય, [૧૯૯૯] ૩ એસ.સી.સી. ૫૫૫, સંદર્ભ લેવામાં આવ્યો.

૧.૨. કોઈપણ તપાસ માત્ર ત્યારે જ જરૂરી ગણાશે જો આ કાર્યવાહીમાં માલિકી હકના પ્રશ્નનો આખરી નિર્ણય થઈ શકતો હોય અને અન્યથા નહીં. રેકોર્ડ પર એવી પૂરતી સામગ્રી મોજૂદ છે, જેના આધારે કોઈ સત્તાધિકારી વાજબી અને તાર્કિક રીતે એવા નિષ્કર્ષ પર પહોંચી શકે કે જે જમીનના સંદર્ભમાં બાંધકામ કરવા માટેના નકશાની મંજૂરી મેળવવા અરજી કરવામાં આવી હતી, તે જમીન સંબંધે અરજદાર અને સરકાર વચ્ચે એક વિવાદ અસ્તિત્વમાં હતો. આવો વિવાદ સંબંધિત વૈધાનિક જોગવાઈ હેઠળ ડિફેન્સ એસ્ટેટ ઓફિસર (ડી.ઈ.ઓ.) દ્વારા તેની સમક્ષ રજૂ કરવામાં આવેલા વાંધા મારફતે સક્ષમ સત્તાધિકારીના ધ્યાન પર લાવવામાં આવ્યો હતો. એવું કહેવું શક્ય બનશે નહીં કે સંબંધિત સત્તાધિકારીએ વિવાદના અસ્તિત્વ અંગે એવો કોઈ અભિપ્રાય બાંધ્યો હતો જે કાયદા સમક્ષ ટકી શકે તેમ ન હતો. [૪૧૨–એફ–એચ]

૧.૩. અધિનિયમની કલમ ૧૮૧ ની પેટા–કલમ (૩) ની જોગવાઈ અનુસાર મંજૂરી આપનાર સત્તાધિકારી દ્વારા જ્યારે અરજી ડી.ઈ.ઓ. ને સંદર્ભિત કરવામાં આવે, તે પછી જ સરકાર અને અરજદાર વચ્ચેના વિવાદ અંગે કોઈ વાંધો ઉઠાવવાનો તબક્કો ઉપસ્થિત થાય છે. જ્યાં સુધી પ્રથમ અરજી પરત કરવાનો સંબંધ છે, ત્યાં એ બાબતની વિશેષ નોંધ લઈ શકાય કે તે એટલા માટે પરત

કરવામાં આવી હતી કારણ કે મંજૂરી આપનાર સત્તાધિકારીના મત અનુસાર, અર્બન લેન્ડ સીલિંગ એક્ટની જોગવાઈઓ હેઠળનું મુક્તિ પ્રમાણપત્ર તેની સાથે સામેલ ન હોવાથી તે અરજી વિચારણામાં લેવાપાત્ર કે ગ્રાહ્ય રાખવાપાત્ર ન હતી. પ્રત્યક્ષ રીતે જોતાં, એવું જણાય છે કે ડી.ઈ.ઓ. ના વાંધાઓ મેળવવા માટે અરજી તેમને મોકલવાનો તબક્કો તે સમયે હજુ સુધી આવ્યો ન હતો. સક્ષમ સત્તાધિકારી દ્વારા નકશો મંજૂર કરતાં પહેલાં તે અરજી મોકલવી આવશ્યક છે. સામાવાળાઓ દ્વારા તેનાથી વિપરીત એવું દર્શાવવા માટે કશું પણ નિર્દેશિત કરવામાં આવ્યું નથી કે કલમ ૧૮૧ ની પેટા–કલમ (૩) હેઠળ ડી.ઈ.ઓ. ને અરજી સંદર્ભિત કરવામાં આવી હોવા છતાં, ડી.ઈ.ઓ. એ જમીન પરના દાવાના વિવાદ સંબંધે કોઈ વાંધો રજૂ ન કરવાનું પસંદ કર્યું હતું. ઉપરોક્ત હકીકતલક્ષી પાસાના આધારે, પ્રથમ અરજી પરત કરવામાં આવી હોવાના કારણે અગાઉની કાર્યવાહીમાં આવો મુદ્દો કે દલીલ ઉઠાવવામાં નિષ્ફળ રહેવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એવું અનુમાન કરવા માટે કોઈ વાજબી કારણ નથી કે ડી.ઈ.ઓ. એ લેઆઉટ પ્લાનની મંજૂરી પૂર્વે જમીનની માલિકી અંગે વાંધો ઉઠાવવાનો પોતાનો અધિકાર જતો કર્યો હતો અથવા તેનો ત્યાગ કર્યો હતો. (૪૧૪–ડી–એચ)

૧.૪. લેઆઉટ પ્લાન પરત કરતો અગાઉનો હુકમ મુક્તિ પ્રમાણપત્ર રજૂ કરવાની શરતનું પાલન ન થવાના આધાર પર પસાર કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે રિટ અરજીમાં એવું ઠેરવ્યું હતું કે અર્બન લેન્ડ સીલિંગ એક્ટ હેઠળ મુક્તિ પ્રમાણપત્ર રજૂ કરવાની આવી કોઈ કાનૂની જરૂરિયાત ન હતી. તે ચુકાદામાં આ બાબત પર પુનર્વિચાર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો; તેથી મુક્તિ

પ્રમાણપત્ર રજૂ કરવાની જરૂરિયાત સિવાયના અન્ય આધારો પર તેની ચકાસણી કરવામાં આવી રહી હતી. અગાઉ અરજી પરત કરતાં પહેલાં તે ડી.ઈ.ઓ. ને મોકલવામાં આવી હતી તેવું દર્શાવતું કશું પણ રેકોર્ડ પર નથી. વાસ્તવિક હકીકત તરીકે, તે સમયે આવો કોઈ પ્રસંગ જ ઉપસ્થિત થયો ન હતો. આ પૃષ્ઠભૂમિમાં, જમીન પર સરકારના દાવા અથવા તે સંબંધિત વિવાદ અંગે વાંધો ઉઠાવવાની પોતાની વૈધાનિક જવાબદારીમાંથી ન તો ડી.ઈ.ઓ. વંચિત થઈ જાય, કે ન તો મંજૂરીનો હુકમ પસાર કરવાના પ્રશ્ન પર વિચારણા કરતાં પહેલાં આ બાબત ડી.ઈ.ઓ. ને સંદર્ભિત કરવાની પોતાની વૈધાનિક ફરજમાંથી સક્ષમ સત્તાધિકારી મુક્ત થઈ જાય. અગાઉ લેઆઉટ પ્લાન પરત કરવામાં આવ્યો તે એક રીતે એવા પ્રારંભિક તબક્કે હતો જ્યારે એવું જણાયું હતું કે અરજી સાથે જરૂરી દસ્તાવેજો, દાખલા તરીકે સીલિંગ કાયદા હેઠળનું મુક્તિ પ્રમાણપત્ર, સામેલ ન હતા, જેને તે સમયે જરૂરી ગણવામાં આવ્યું હતું. વાંધો દાખલ કરવાનો તબક્કો તે પછી આવે છે જ્યારે અરજી ડી.ઈ.ઓ. ને સંદર્ભિત કરવામાં આવે છે. [૪૧૬–એ–ઈ]

૨.૧. હાઇકોર્ટની ડિવિઝન બેન્ચે એવું તારણ નોંધ્યું છે કે, વર્ષ ૧૯૯૪ માં જ્યારે અરજદારો દ્વારા અર્બન લેન્ડ સીલિંગ એક્ટ હેઠળનું મુક્તિ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યું નથી તેમ કહીને નકશો સૌપ્રથમ પરત કરવામાં આવ્યો હતો તે તબક્કે આવો કોઈ મુદ્દો કે બચાવ રજૂ કરવામાં આવ્યો ન હતો અને આથી અરજદારો તેમજ સરકાર વચ્ચે જમીન અંગેના વિવાદનો જે મુદ્દો અગાઉ ઉઠાવી શકાયો હોત પરંતુ ઉઠાવવામાં આવ્યો ન હતો, તે હવે ઉપસ્થિત કરવાની મંજૂરી આપી શકાય નહીં, તે આધાર પર અન્વયી પ્રાડ્–ન્યાયના સિદ્ધાંતો મુજબ

અપીલકર્તાઓ જમીન પરના વિવાદના અસ્તિત્વ સંબંધે વાંધો ઉઠાવવાથી પ્રતિબંધિત (એસ્ટોપ્ડ) હતા. જ્યાં સુધી કાયદાના સિદ્ધાંતનો સંબંધ છે, ત્યાં એ બાબતે કોઈ વિવાદ હોઈ શકે નહીં કે ત્યારપછીની કાર્યવાહીમાં અન્વયી પ્રાડ્–ન્યાય પક્ષકારોને બંધનકર્તા રહેશે, પરંતુ અધિનિયમની કલમ ૧૮૧ ની પેટા–કલમ (૩) ના સંદર્ભમાં વિવાદના પ્રશ્ન પર પક્ષકારો વચ્ચે કાનૂની નિર્ણય થયેલ છે. (૪૧૩–એ–સી; ૪૧૪–એ–બી)

મથુરા પ્રસાદ બાજુ જયસ્વાલ અને અન્ય વિરુદ્ધ દોસીબાઈ એન.બી. જીજીભોય, [૧૯૭૦] ૩ એસ.સી.આર. ૮૩૦ અને ઉત્તર પ્રદેશ રાજ્ય વિરુદ્ધ નવાબ હુસૈન, [૧૯૭૭] ૩ એસ.સી.આર. ૪૨૮, સંદર્ભ લેવામાં આવ્યો.

૨.૨. એ બાબત ધ્યાને લેવી યોગ્ય રહેશે કે અધિનિયમની કલમ ૧૮૧ (૩) હેઠળ મંજૂરી આપનાર સત્તાધિકારી દ્વારા અરજી ડી.ઈ.ઓ. ને મોકલવામાં આવે તે પછી જ સરકાર અને અરજદારો વચ્ચેના વિવાદ અંગે કોઈ વાંધો ઉઠાવવાનો તબક્કો ઉપસ્થિત થાય છે. જ્યાં સુધી પ્રથમ અરજી પરત કરવાનો સંબંધ છે, ત્યાં એ બાબત ધ્યાને લઈ શકાય કે તે એટલા માટે પરત કરવામાં આવી હતી કારણ કે મંજૂરી આપનાર સત્તાધિકારીના મત અનુસાર, અર્બન લેન્ડ સીલિંગ એક્ટની જોગવાઈઓ હેઠળનું મુક્તિ પ્રમાણપત્ર સાથે સામેલ ન હોવાથી તે વિચારણામાં લેવાપાત્ર કે ગ્રાહ્ય રાખવાપાત્ર ન હતી. પ્રત્યક્ષ રીતે જોતાં એવું જણાય છે કે ડી.ઈ.ઓ. ના વાંધાઓ મેળવવા માટે અરજી તેમને મોકલવાનો તબક્કો તે સમયે હજુ સુધી આવ્યો ન હતો. સક્ષમ સત્તાધિકારીએ નકશો મંજૂર

કરતાં પહેલાં અરજી ડી.ઈ.ઓ. ને મોકલવી જરૂરી છે. સામાવાળાઓ દ્વારા એવું દર્શાવવા માટે તેનાથી વિપરીત કશું પણ નિર્દેશિત કરવામાં આવ્યું નથી કે અધિનિયમની કલમ ૧૮૧ (૩) હેઠળ ડી.ઈ.ઓ. ને અરજી મોકલવામાં આવી હોવા છતાં, ડી.ઈ.ઓ. એ જમીન પરના દાવાના વિવાદ સંબંધે કોઈ વાંધો દાખલ ન કરવાનું પસંદ કર્યું હતું. ઉપરોક્ત હકીકતલક્ષી પાસાઓના આધારે, પ્રથમ અરજી પરત કરવામાં આવી હોવાના કારણે અગાઉની કાર્યવાહીમાં આવો મુદ્દો ઉઠાવવામાં નિષ્ફળ રહેવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એવું અનુમાન કરવા માટે કોઈ વાજબી કારણ નથી કે ડી.ઈ.ઓ. એ લેઆઉટ પ્લાનની મંજૂરી પૂર્વે જમીનની માલિકી અંગે વાંધો ઉઠાવવાનો પોતાનો કાનૂની અધિકાર જતો કર્યો હતો અથવા તેનો ત્યાગ કર્યો હતો. (૪૧૪–ડી–એચ)

> અલ્હાબાદ ડેવલપમેન્ટ ઓથોરિટી વિરુદ્ધ નસીરુઝ્ઝમા અને અન્ય, [૧૯૯૬] ૬ એસ.સી.સી. ૪૨૪ અને બંસીલાલ ફાર્મ્સ વિરુદ્ધ ઉમારાણી બોઝ અને અન્ય, [૧૯૯૭] ૯ એસ.સી.સી. ૧૯૧, સંદર્ભ લેવામાં આવ્યો. સર વિલિયમ વેડ કૃત 'એડમિનિસ્ટ્રેટિવ લો'; આઠમી આવૃત્તિ, પૃષ્ઠ ૨૪૯, સંદર્ભ લેવામાં આવ્યો.

૨.૩. સામાવાળાઓ અન્વયી પ્રાડ્–ન્યાયની એક તદ્દન પોકળ અને નબળી દલીલ ઉઠાવીને માત્ર વળગી રહેવા માગતા હતા, જે હકીકત કે કાયદો બંનેમાંથી કોઈપણ દ્રષ્ટિએ ટકી શકે તેમ નથી. અન્વયી પ્રાડ્–ન્યાયના સિદ્ધાંતને લાગુ કરીને ડી.ઈ.ઓ. દ્વારા અધિનિયમની કલમ ૧૮૧ ની પેટા–કલમ

(૩) હેઠળનો વાંધો ઉઠાવી શકાય નહીં તેવું ઠેરવવામાં હાઇકોર્ટે ભૂલ કરી હતી. [૪૧૬–ઈ–જી]

૩. કેન્ટોનમેન્ટ બોર્ડ તેના નિર્દિષ્ટ અધિકારીઓ પૈકીના એક અધિકારી મારફતે નકશાની મંજૂરી માટેની અરજી પર વિચારણા કરે છે અને યોગ્ય હુકમો પસાર કરે છે. ઓછામાં ઓછું તેને પોતાના હુકમોનો બચાવ કરવાનો અધિકાર તો રહેશે જ. વૈધાનિક જોગવાઈઓ હેઠળ, જો અરજદાર અને સરકાર વચ્ચે કોઈ વિવાદ હોય તો નકશો મંજૂર કરવાનો હોતો નથી. વળી કાયદા હેઠળ આ હકીકતની ખાતરી કરવા માટે આ બાબત ડી.ઈ.ઓ. ને મોકલવાની હોય છે અને જો અરજદાર તેમજ ભારત સરકાર વચ્ચે આવો કોઈ વિવાદ અસ્તિત્વમાં હોય, તો તે અંગે વાંધો ઉઠાવવાનું કામ તેમનું છે. તેથી, એવું કહી શકાય નહીં કે આ સત્તાધિકારીઓ પાસે આ બાબતનો વિરોધ કરવા માટે કોઈ કારણ ન હોય. ભારત સરકારનું હિત તેમાં ખૂબ જ સંકળાયેલું છે અને જો જમીન પર તેનો દાવો હોય, તો નકશો મંજૂર ન થાય તે સુનિશ્ચિત કરવામાં તેનું સંપૂર્ણ હિત રહેશે. [૪૧૮–સી–ઈ]

દીવાની અપીલ અધિકારક્ષેત્ર : દીવાની અપીલ નં. ૬૮૭૭–૬૮૮૧/૨૦૦૦.

ડબ્લ્યુ.એ. નં. ૯૨/૯૮, ૧૪૯૯/૯૭, ૫૩૮, ૨૦૦૪, ૧૯૯૬/૧૯૯૮ માં આંધ્ર પ્રદેશ હાઇકોર્ટના તારીખ ૧૧/૦૮/૨૦૦૦ ના ચુકાદા અને હુકમ સામે.

સાથે

દીવાની અપીલ નં. ૭૫૩, ૧૧૦૭–૧૧૧૧, ૬૬૦૪/૨૦૦૧, ૯૪૫૩–૯૪૫૬/૨૦૦૩ અને ૬૩૭૬/૨૦૦૧.

ઉપસ્થિત પક્ષકારો તરફથી અલ્તાફ અહમદ, અધિક સોલિસિટર જનરલ, આર.એફ. નરીમાન, અનૂપ જી. ચૌધરી, પી.એસ. નરસિમ્હા, અનંગ ભટ્ટાચાર્ય, સુધીર નાન્દ્રાજોગ, જી. શેષાગિરિ, ટી.કે. કોડંડારામ (જાતે), ગુંટુર પ્રભાકર, કે. રામ કુમાર, બી. શ્રીધર, કુમારી રેખા પાંડે, બી.વી. બલરામ દાસ, નિખિલ નય્યર, અનિલ કુમાર તાંડલે અને શ્રીમતી લલિતા કૌશિક.

કોર્ટનો ચુકાદો ન્યાયમૂર્તિ બ્રિજેશ કુમાર દ્વારા આપવામાં આવેલ.

ઉપરોક્ત તમામ નોંધાયેલી અપીલો જોકે અલગ–અલગ પક્ષકારો દ્વારા દાખલ કરવામાં આવેલી છે, તેમ છતાં તેમાં આંધ્ર પ્રદેશ હાઇકોર્ટની ડિવિઝન બેન્ચ દ્વારા પસાર કરાયેલા તારીખ ૧૧/૦૮/૨૦૦૦ ના હુકમ તેમજ ઉપરોક્ત નિર્ણયને અનુસરીને પાછળથી પસાર કરાયેલા ચુકાદાઓની કાયદેસરતા સંબંધિત સમાન પ્રશ્ન સંકળાયેલો છે. આ વિવાદ પ્રશ્નવાળી જમીન પર ઇમારત બાંધકામ માટે વિવિધ પક્ષકારો દ્વારા કેન્ટોનમેન્ટ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવેલા નકશાને મંજૂર કરવાનો ઇનકાર કરવા સંબંધિત બાબતની આસપાસ ફરે છે. કેન્દ્ર સરકારે કેન્ટોનમેન્ટ્સ એક્ટ, ૧૯૨૪ (જે હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૧૮૧ હેઠળ જોગવાઈ કર્યા મુજબ ડિફેન્સ એસ્ટેટ ઓફિસર મારફતે તે જમીન પર પોતાનો દાવો રજૂ કર્યો હતો અને તે મતલબના

વાંધાઓ દાખલ કર્યા હતા.

આ તમામ અપીલો સ્પેશિયલ લીવ પિટિશન (સી) નં. ૪૦૬–૪૦૯/૦૨ સાથે સંયુક્ત રીતે સાંભળવામાં આવી છે, જેમાં અમે લીવ મંજૂર કરીએ છીએ. આ તમામ બાબતોનો આ સંયુક્ત ચુકાદા દ્વારા નિકાલ કરવામાં આવે છે.

આ બાબતોના નિકાલના હેતુ માટે સંબંધિત સંક્ષિપ્ત હકીકતો એ છે કે: જે જમીન પર સામાવાળાઓએ બાંધકામ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો અને તે માટે નકશાઓ રજૂ કર્યા હતા, તે જમીન સિકંદરાબાદ કેન્ટોનમેન્ટ બોર્ડની હદમાં આવે છે. થોકટ્ટા ગામમાં આવેલ બંગલા નં. ૨૧૫ છે, જે તારીખ ૨૧/૦૯/૧૮૯૯ ના રોજ સાદિક અલી ખાનના સગીર પુત્ર સૈયદ સિરાજઉદ્દીન અલી ખાનના નામે ખરીદવામાં આવ્યો હોવાનું કહેવાય છે. પુખ્ત વય પ્રાપ્ત કર્યા પછી સૈયદ સિરાજઉદ્દીન અલી ખાને પોતાના પિતા સાદિક અલી ખાનની તરફેણમાં પોતાનો હક્ક જતો કર્યો હતો. તે જમીન બિનખેતી હોવાનું કહેવાતું હતું અને વર્ષ ૧૯૨૦ માં તેને પ્લોટમાં વિભાજિત કરવામાં આવી હતી તથા ૧૧ અલગ–અલગ વ્યક્તિઓને તબદીલ કરવામાં આવી હતી. સામાવાળાઓ આ તબદીલી મેળવનારાઓ પૈકીના છે. સામાવાળાઓએ લેઆઉટ પ્લાનની મંજૂરી માટે કેન્ટોનમેન્ટ બોર્ડના એક્ઝિક્યુટિવ ઓફિસર સમક્ષ નકશાઓ રજૂ કર્યા હતા. એવા વાંધા સાથે તે નકશો પરત કરવામાં આવ્યો હતો કે સામાવાળાઓએ અર્બન લેન્ડ (સીલિંગ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૧૯૭૬ ની જોગવાઈઓ હેઠળ મુક્તિ

પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી હતું. કેન્ટોનમેન્ટ બોર્ડ આ જમીન બાબતે મિલકત વેરો પણ વસૂલ કરતું હતું, જે જમીન સામાવાળાઓના કબજામાં રહેલી છે.

સામાવાળાઓએ લેઆઉટ પ્લાન પરત કરવાના નિર્ણયને પડકાર્યો હતો અને આંધ્ર પ્રદેશ હાઇકોર્ટ સમક્ષ રિટ પિટિશન નં. ૬૦૧૨/૯૫ દાખલ કરી હતી, જે તારીખ ૩૧/૦૭/૧૯૯૫ ના હુકમથી એવું ઠેરવીને મંજૂર કરવામાં આવી હતી કે અર્બન લેન્ડ સીલિંગ એક્ટ હેઠળ કોઈ મુક્તિ પ્રમાણપત્ર જરૂરી ન હતું. જોકે, પ્રશ્નવાળી જમીન સરકારી આબાદી જમીનમાં આવેલી હોવાના આધારે તારીખ ૧૬/૦૯/૧૯૯૫ ના રોજ લેઆઉટ પ્લાન ફરીથી પરત કરવામાં આવ્યો હતો. આના પરિણામે સામાવાળાઓ દ્વારા વધુ એક રિટ પિટિશન નં. ૨૨૨૧૬/૯૫ દાખલ કરવામાં આવી હતી, જેનો નિકાલ તારીખ ૧૩/૧૦/૧૯૯૫ ના રોજ સત્તાવાળાઓને એ બાબત શોધી કાઢવા કે અરજદારોએ તેમના કબજા અંગેનો પ્રથમદર્શી કેસ સ્થાપિત કર્યો છે કે કેમ અને યુનિયનના વાંધાઓ ધ્યાને લઈ તે અંગે યોગ્ય હુકમ પસાર કરવાના નિર્દેશ સાથે કરવામાં આવ્યો હતો. નકશો મંજૂર કરવા માટેની અરજી આખરે તારીખ ૧૮/૦૧/૧૯૯૬ ના રોજ પરવાનગીનો ઇનકાર કરીને ફગાવી દેવામાં આવી હતી, કારણ કે તે જમીન ભારત સરકારના કબજામાં હોવાનું જણાયું હતું. તે હુકમ સામે અપીલ દાખલ કરવામાં આવી હતી. અપીલ પેન્ડિંગ રહેતી હોવાથી, તેમની અપીલનો નિકાલ ન થાય ત્યાં સુધી તે જમીન પર (રિટ પિટિશનમાંના) અરજદારોના કબજામાં સત્તાવાળાઓ દ્વારા દખલગીરી કરવા પર મનાઈ ફરમાવવા માટે વધુ એક રિટ પિટિશન નં. ૩૬૦૬/૯૬ દાખલ કરવામાં આવી હતી. તારીખ ૨૭/૦૨/૧૯૯૬ ના રોજ આ

અરજ મંજૂર કરવામાં આવી હતી. રિટ પિટિશન નં. ૬૦૦૯/૯૬ માં પસાર કરાયેલા વધુ એક હુકમ દ્વારા રિટ અરજદારો (અહીંના સામાવાળાઓ) ને પોલીસ રક્ષણ પણ પૂરું પાડવામાં આવ્યું હતું. આખરે, પ્રશ્નવાળી જમીન પર સામાવાળાઓનો કોઈ માલિકી હક્ક નથી તેવું ઠેરવીને તારીખ ૧૦/૦૫/૧૯૯૬ ના રોજ તે અપીલ ફગાવી દેવામાં આવી હતી.

સામાવાળાઓએ ત્યાર બાદ અપીલ ફગાવી દેતા હુકમને પડકારતી રિટ પિટિશન નં. ૧૦૬૪૨/૯૬ દાખલ કરી હતી. વિદ્વાન એકલ ન્યાયાધીશે રિટ પિટિશન મંજૂર કરતી વખતે ઠેરવ્યું હતું કે સત્તાવાળાઓએ જમીનમાં અરજદારોના માલિકી હક્કના પ્રશ્નમાં જવાની જરૂર નહોતી. રિટ અરજદારો, એટલે કે હાલના સામાવાળાઓ જમીન પર કબજો ધરાવતા હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. વિદ્વાન એકલ ન્યાયાધીશે હાલના અપીલકર્તાઓનો એ કેસ પણ ધ્યાને લીધો હતો કે તે જમીન જૂની ગ્રાન્ટ હેઠળ આવરી લેવાયેલી હતી અને એવું તારણ આપ્યું હતું કે લશ્કરી હેતુઓ માટે નિઝામ દ્વારા ભારત સરકારને કોઈ જમીન ગ્રાન્ટ કરવામાં આવી ન હતી. વિદ્વાન એકલ ન્યાયાધીશે જોયું કે અગાઉની કાર્યવાહીમાં સત્તાવાળાઓએ માલિકી હક્કનો દાવો કરતો વાંધો ઉઠાવ્યો ન હતો, તેથી અન્વયી પ્રાડ્–ન્યાયના સિદ્ધાંતોના આધારે તે તબક્કે તે પ્રશ્ન ઉઠાવવા પર તેઓ પ્રતિબંધિત હતા. અપીલકર્તાનો કબજો હોવાનું પણ જણાયું હતું. આવા અવલોકન સાથે, વિદ્વાન એકલ ન્યાયાધીશે રિટ પિટિશન મંજૂર કરતી વખતે, કેન્ટોનમેન્ટ બોર્ડને લેઆઉટ પ્લાન મંજૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો.

વિદ્વાન એકલ ન્યાયાધીશના ચુકાદા સામે દાખલ કરવામાં આવેલી તે અપીલ પણ ડિવિઝન બેન્ચ દ્વારા ફગાવી દેવામાં આવી છે.

આ સમગ્ર સમયગાળા દરમિયાન અન્ય કેટલીક ઘટનાઓ પણ બની હતી. અપીલકર્તાઓના જણાવ્યા અનુસાર, વર્ષ ૧૯૯૨ સુધી સામાવાળાઓએ પ્રશ્નવાળી જમીન પર કોઈપણ પ્રકારનો દાવો કર્યો ન હતો. જોકે, સામાવાળા સાદિક અલી ખાને એક બિનનોંધાયેલ વેચાણ દસ્તાવેજના આધારે ૨૫ એકર જેટલી જમીન સુધીના મહેસૂલી દફ્તરમાં નોંધો સુધારવા માટે રેકોર્ડ ઓફ રાઇટ્સ ઇન લેન્ડ એક્ટ, ૧૯૭૧ ની કલમ ૧૫(૨) હેઠળ એક અરજી દાખલ કરી હતી. જિલ્લા મહેસૂલ અધિકારી દ્વારા તારીખ ૦૯/૦૪/૧૯૯૨ ના હુકમથી એવું ઠેરવીને સદર અરજી નામંજૂર કરવામાં આવી હતી કે બંગલા નં. ૨૧૫ ની જમીનમાંથી માત્ર ૨.૭૧ એકર જમીન ખાનગી હાથોમાં હતી અને બાકીની જમીન સરકારી જમીન હતી જેને દફ્તરોમાં યોગ્ય રીતે દર્શાવવામાં આવી છે. સદર હુકમ સામે સાદિક અલી ખાન દ્વારા અપીલ દાખલ કરવામાં આવી હતી, જેમાં અન્ય સામાવાળાઓ (સંખ્યામાં ૬૨) પણ પક્ષકાર તરીકે જોડાયા હતા. જોઈન્ટ કલેક્ટર દ્વારા તારીખ ૨૫/૧૦/૧૯૯૪ ના હુકમથી તે અપીલ ફગાવી દેવામાં આવી હતી. તે હુકમ સામે દાખલ કરવામાં આવેલી રિવિઝન પણ કમિશનર ઓફ લેન્ડ રેવન્યુ દ્વારા તારીખ ૧૨/૧૧/૧૯૯૭ ના રોજ ફગાવી દેવામાં આવી હતી.

સાદિક અલી ખાને સામાવાળાઓ ૨૫ એકર જમીન પર કબજો ધરાવે છે તેવો દાવો કરીને ભારત સંઘ અને ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસર વિરુદ્ધ કાયમી

મનાઈહુકમ મેળવવા માટે સિવિલ જજ, હૈદરાબાદ (પશ્ચિમ) ની અદાલતમાં દીવાની દાવો નં. ૨૮૮/૯૨ પણ દાખલ કર્યો હતો. ૨.૭૧ એકરના ક્ષેત્રફળ સિવાય વચગાળાના મનાઈહુકમ માટેની અરજી નામંજૂર કરવામાં આવી હતી. બાકીની જમીન સંબંધમાં મનાઈહુકમ નામંજૂર કરવાના હુકમ સામેની સિવિલ મિસેલેનિયસ અપીલ પણ ફગાવી દેવામાં આવી હતી. સાદિક અલી ખાને ભારત સંઘ, ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસર અને કેન્ટોનમેન્ટ બોર્ડ વિરુદ્ધ માલિકી હક્કની ઘોષણા અને કાયમી મનાઈહુકમ માટે સબઓર્ડિનેટ જજ, રંગા રેડ્ડી જિલ્લાની અદાલતમાં અન્ય દાવો નં. ૧૧૯/૯૪ પણ દાખલ કર્યો હતો.

હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે વિદ્વાન એકલ ન્યાયાધીશ (સિંગલ જજ) ના તે તારણની સંપૂર્ણ નોંધ લીધી હતી કે સામાવાળાઓ સદરહુ જમીનનો પ્રત્યક્ષ કબજો ધરાવતા હતા અને નિયમિતપણે મિલકત વેરો ચૂકવી રહ્યા હતા તથા લેઆઉટ પ્લાનને મંજૂરી આપવા માટેની અરજી પર વિચારણા કરતી વખતે સક્ષમ સત્તાવાળાઓએ પક્ષકારોના માલિકી હક્કના પ્રશ્નની ઊંડાણમાં જવાની કોઈ આવશ્યકતા નહોતી. સ્વયં માલિકી હક્કના વિષય અંગે, ડિવિઝન બેન્ચે પોતાના ચુકાદાના ફકરા ૧૪ માં નીચે મુજબનું મહત્વપૂર્ણ અવલોકન કરેલું છે: –

> "માલિકી હક્કના પ્રશ્ન સંબંધમાં, એ બાબત સુસ્થાપિત છે કે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળની અરજીમાં માલિકી હક્કના અત્યંત વિવાદાસ્પદ પ્રશ્નને ધ્યાને લઈ શકાય નહીં અને તેનો ન્યાયનિર્ણય કરી

શકાય નહીં. સંબંધિત પક્ષકારો વતી ઉપસ્થિત કરવામાં આવેલી વિવિધ તકરારો અને રજૂ કરવામાં આવેલી દલીલો પરથી એ સ્પષ્ટ થાય છે કે પ્રશ્નવાળી મિલકતના માલિકી હક્ક સંબંધમાં વિવિધ વ્યક્તિઓ અને સત્તાવાળાઓ વચ્ચે માલિકી હક્કનો વાસ્તવિક વિવાદ અસ્તિત્વમાં છે."

જ્યાં સુધી અપીલકર્તાઓના એ વાંધાનો સંબંધ છે કે વિદ્વાન એકલ ન્યાયાધીશ માલિકી હક્કના પ્રશ્નમાં ગયા હતા અને સામાવાળાઓની તરફેણમાં તારણ નોંધ્યું હતું, તો તે અંગે ડિવિઝન બેન્ચે નીચે મુજબ અવલોકન કર્યું હતું: –

"ચુકાદાના પૃષ્ઠ ૨૨ પર વિદ્વાન એકલ ન્યાયાધીશના કરવામાં આવેલા અવલોકનો પરથી આવી છાપ ચોક્કસપણે ઉપસી આવે છે, જેમ કે સામાવાળાઓ દ્વારા આ દસ્તાવેજોની અધિકૃતતા અંગે કોઈ શંકા કરી શકાય નહીં... અને તે દસ્તાવેજો કે જેના પર આધાર રાખવામાં આવ્યો છે તેવા અતિ પ્રચુર અને વ્યાપક પુરાવાઓને જોતાં, અરજદારોના માલિકી હક્ક અંગે કોઈપણ વિવાદ થઈ શકે નહીં. અરજદારોનો માલિકી હક્ક સ્થાપિત થઈ ચૂક્યો છે તેવા વિદ્વાન એકલ ન્યાયાધીશના તારણો સાથે અમે સંમત થતા નથી."

ડિવિઝન બેન્ચે પોતાનો મત પુનરોચ્ચારિત કર્યો છે કે માલિકી હક્કનો પ્રશ્ન સક્ષમ સત્તાધિકારી સમક્ષ નક્કી કરી શકાય નહીં કે ન તો આવો વિવાદિત પ્રશ્ન રિટ કાર્યવાહીમાં નક્કી કરી શકાય. જોકે, તેણે ચુકાદામાં ચર્ચાના પાછળના

ભાગમાં એ સ્પષ્ટ કર્યું છે કે તે માલિકી હક્કના પ્રશ્ન પર અપીલકર્તાઓની દલીલને કઈ હદ સુધી માન્ય રાખે છે અને સદર મુદ્દા પર વિદ્વાન એકલ ન્યાયાધીશના તારણ સાથે તેની સંમતિ કઈ હદ સુધીની છે. તે સંબંધમાં પ્રસ્તુત અવલોકનો ધ્યાને લઈ શકાય છે, જે નીચે મુજબ ટાંકવામાં આવ્યા છે:–

> "એ સ્પષ્ટ કરવામાં આવે છે કે અપીલ હેઠળનો આ ચુકાદો સદર રિટ અરજીમાં સામેલ જમીનમાંના હક્ક, હિત કે માલિકી હક્કને કોઈપણ પ્રકારે અસર કરશે નહીં કે તેનું નિયમન કરશે નહીં. અમે એવો મત પણ ધરાવીએ છીએ કે વાદગ્રસ્ત ચુકાદાના પૃષ્ઠ ૨૧ પર દર્શાવ્યા મુજબ અગાઉની રિટ અરજીઓ, એટલે કે ૧૯૯૫ ની ડબ્લ્યુ.પી. નં. ૬૦૧૨, ૧૯૯૬ ની ૩૬૦૦ અને ૧૯૯૬ ની ૬૦૧૨ માં માલિકી હક્કનો પ્રશ્ન ઉપસ્થિત કરવામાં કે રજૂ કરવામાં સામાવાળાઓની નિષ્ફળતા પણ, માલિકી હક્કના પ્રશ્નના સંબંધમાં પ્રાડ્–ન્યાયના સિદ્ધાંતનો આશરો લેતાં તેમને બાધિત કરવાની અસર ધરાવી શકે નહીં. ઉપર જણાવ્યા મુજબ પ્રાડ્–ન્યાયનો સિદ્ધાંત આ કેસમાં માત્ર લે–આઉટની મંજૂરી મેળવવા માટે અરજદારની હક્કદારી અને જે કાનૂની આધારો પર આવી મંજૂરી નકારી શકાય તે સંબંધિત મર્યાદિત પ્રશ્ન પૂરતો જ લાગુ થશે."

તમામ રિટ અરજદારો દ્વારા જમીનનો કબજો ધરાવવાના સંબંધમાં વિદ્વાન એકલ ન્યાયાધીશના તારણનો જ્યાં સુધી સંબંધ છે, ડિવિઝન બેન્ચ દ્વારા એવું ઠરાવવામાં આવ્યું છે કે સદરહુ તારણ માત્ર લે–આઉટની મંજૂરીના હેતુ પૂરતું જ

મર્યાદિત છે અને અન્ય કોઈપણ હેતુ માટે નથી.

સંબંધિત પક્ષકારો દ્વારા અમારી સમક્ષ કરવામાં આવેલી રજૂઆતોની ચર્ચા કરવા તરફ આગળ વધતાં પહેલાં, લે–આઉટ પ્લાનની મંજૂરી અંગેની જોગવાઈઓનું અવલોકન કરવું લાભદાયી રહેશે. કેન્ટોનમેન્ટ એક્ટની કલમ ૧૮૧ નીચે મુજબ વંચાય છે:–

"કલમ ૧૮૧. મંજૂરી આપવાની અથવા નકારવાની બોર્ડની સત્તા – (૧) બોર્ડ કાં તો, યથાપ્રસંગ, મકાનનું બાંધકામ અથવા પુનઃબાંધકામ મંજૂર કરવાનો ઇનકાર કરી શકે છે, અથવા તેને સંપૂર્ણપણે કે નીચે જણાવેલી તમામ અથવા કોઈપણ બાબતોના સંબંધમાં લેખિતમાં કરવા યોગ્ય લાગે તેવા નિર્દેશોને આધીન રહીને મંજૂર કરી શકે છે, એટલે કે:– (એ) થી (જે) x x x x x x

(૨) xx xx xx ..... .

(૩) જે જમીન (ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસર) ના સંચાલન અને વહીવટ હેઠળ હોય તેવી જમીન પર મકાનનું નવું બાંધકામ કરવા અથવા પુનઃબાંધકામ કરવાની મંજૂરી આપતાં પહેલાં બોર્ડ દ્વારા, આવા બાંધકામ કે પુનઃબાંધકામ સામે સરકારશ્રી તરફથી કોઈ વાંધો અથવા વિરોધ છે કે કેમ તે જાણી લેવા અને સુનિશ્ચિત કરવાના હેતુસર સદરહુ અરજીને (ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસર) સમક્ષ મોકલવામાં આવશે અને (ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસર) તે અરજી પોતાને પ્રાપ્ત થયા પછીના ૩૦ દિવસની

મુદતની અંદર તેના પરના પોતાના વિગતવાર અહેવાલ સહિત તે અરજીને બોર્ડ સમક્ષ પરત કરશે.

(૪) બોર્ડ કોઈપણ મકાનનું બાંધકામ અથવા પુનઃબાંધકામ મંજૂર કરવાનો ઇનકાર કરી શકે છે –

(એ) જ્યારે જે જમીન પર મકાનનું બાંધકામ અથવા પુનઃબાંધકામ કરવાનો પ્રસ્તાવ છે તે જમીન સરકાર પાસેથી ભાડાપટ્ટા પર ધારણ કરવામાં આવેલી હોય, જો તે બાંધકામ અથવા પુનઃબાંધકામ ભાડાપટ્ટાની શરતોનો ભંગ કરતું હોય, અથવા

(એએ) જ્યારે જે જમીન પર મકાનનું બાંધકામ અથવા પુનઃબાંધકામ કરવાનો પ્રસ્તાવ છે તે જમીન સરકાર દ્વારા બોર્ડના સંચાલનને સોંપવામાં આવેલી હોય, જો તે બાંધકામ અથવા પુનઃબાંધકામ સંચાલનની સોંપણીની શરતોનો ભંગ કરતું હોય અથવા બોર્ડ દ્વારા તે જમીનના સંચાલન અંગે સરકાર દ્વારા જારી કરવામાં આવેલી કોઈપણ સૂચનાઓનું ઉલ્લંઘન કરતું હોય, અથવા

(બી) જ્યારે જે જમીન પર મકાનનું બાંધકામ અથવા પુનઃબાંધકામ કરવાનો પ્રસ્તાવ છે તે જમીન સરકાર પાસેથી ભાડાપટ્ટા પર ધારણ કરવામાં આવેલી ન હોય, જો આવી જમીન પર બાંધકામ કરવાનો હક્ક મંજૂરી માટે અરજી કરનાર વ્યક્તિ અને સરકાર વચ્ચે વિવાદમાં હોય.

(૫) x x x x x x x

(૬) x x x x x x x"

ઉપ–નિયમ ૧૫ નીચે મુજબ વંચાય છે:–

"૧૫. મંજૂર કરવાની, ફેરફાર કરવાની અથવા અસ્વીકાર કરવાની કેન્ટોનમેન્ટ બોર્ડની સત્તા:– અરજદાર દ્વારા રજૂ કરવામાં આવેલો લે–આઉટ પ્લાન જો ઉપ–નિયમો અનુસાર હોય તો કેન્ટોનમેન્ટ બોર્ડ તેને મંજૂર કરી શકે છે અથવા કેન્ટોનમેન્ટ બોર્ડને યોગ્ય જણાય તેવા ફેરફારો સાથે તેને મંજૂર કરી શકે છે, અથવા જો જે જમીનનો લે–આઉટ બનાવવાનો પ્રસ્તાવ છે તેના પરના માલિકી હક્કો તે હેતુ માટે નિભાવવામાં આવતા જનરલ લેન્ડ રજિસ્ટરમાં દર્શાવ્યા મુજબ પોતાની જમીન હોવાનો દાવો સંરક્ષણ મંત્રાલય ખાતેની ભારત સરકાર દ્વારા કરવામાં આવતો હોય, તો કોઈપણ લે–આઉટને મંજૂર કરવાનો ઇનકાર કરી શકે છે".

અમારા મતે, જે મુખ્ય પ્રશ્ન વિચારણા હેઠળ આવે છે તે અધિનિયમની કલમ ૧૮૧ ની, અને વિશેષ કરીને કલમ ૧૮૧ ની પેટા–કલમ ૪ ના ખંડ (બી) ની વ્યાપ્તિ અને ક્ષેત્રમર્યાદા બાબતનો છે. ઉપરોક્ત જોગવાઈ બોર્ડને એવા કિસ્સામાં મકાન બાંધકામના નકશાની મંજૂરી આપવાનો ઇનકાર કરવાની સત્તા આપે છે કે જ્યાં જે જમીન પર બાંધકામ કરવાનું પ્રસ્તાવિત છે તે જમીન સરકાર તરફથી પટ્ટે આપવામાં આવેલી ન હોય અને નકશાની મંજૂરી માટેના અરજદાર

તેમજ સરકાર વચ્ચે કોઈપણ વિવાદ અસ્તિત્વમાં હોય.

સંબંધિત પક્ષકારોએ તેઓ પૈકી કોણ જમીનનો કાયદેસરનો માલિક છે તે દર્શાવવા માટે અમુક ચોક્કસ તથ્યો અને દસ્તાવેજો તરફ અમારું ધ્યાન દોર્યું છે. પ્રતિવાદીઓ દ્વારા જે અન્ય પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો છે તે એ છે કે કલમ ૧૮૧ ની પેટા–કલમ ૪ ના ખંડ (બી) માં સમાવિષ્ટ નકશો નામંજૂર કરવાનો આધાર અન્વયી પ્રાડ્–ન્યાયના સિદ્ધાંતો મુજબ અપીલકર્તાઓ માટે ઉપલબ્ધ ન હતો, જેની ચર્ચા અમે હવે પછી કરીશું.

